અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત
જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે
ગૃહ નિર્માણની યોજના.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક:-વમસ/૧૯૮૮/આ.૯૭/ખ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૩૧-૩-૯૨

વંચાણે લીધો:-સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:-વમસ/
૧૯૮૮/૧૪૩૯/(૧)/ખ. તા.૨૫-૧-૮૯.

ઠરાવ:-

આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૨૫-૧-'૮૯ના સરકારશ્રીના ઠરાવ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે નાણાકિય સહાયની યોજના અમલમાં છે. જેની મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે :-

1. મકાનની ટોચની કિંમત-રુ.૧૦.૦૦૦/-(દસ હજાર) રહેશે.
2. મકાન સહાયની રકમ રુ.૧૦,૦૦૦/- કે ખરેખર થયેલ ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૯૦% એટલે કે વધુમાં વધુ રુ.૯,૦૦૦/-(નવ હજાર) ચૂકવવામાં આવશે.
3. લાભાર્થીનો ફાળો રુ.૧૦,૦૦૦/- કે થયેલ ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૧૦% પ્રમાણે એટલે કે વધુમાં વધુ રુ.૧૦૦૦/-(એક હજાર) ગણવામાં આવશે.

ઇન્દીરા આવાસ યોજનાના ધોરણે અનુસૂચિત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે મકાન સહાયની યોજનાનાં સહાયના દરમાં સુધારો કરવાની બાબત છેલ્લા કેટલાંક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે સને.૧૯૯૧-૯૨ના વર્ષનાં અંદાજપત્રમાં કુલ રુ.૦.૮૬ લાખ જોગવાઇ પૂરક માગણી દ્વારા મેળવવામાં આવી છે.

...૨......

આથી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરેલ જાહેરાત પ્રમાણે સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટેની વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજનામાં નીચે મુજબના સુધારા કરવાનું ઠરાવેલ છે :-

(૧) આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના લોકો પૈકી જેઓની વાર્ષિક આવક રૂ. ૬૪૦૦/-થી વધતી ના હોય તેઓને રૂ.૯૦૦૦/-ને બદલે રૂ. ૧૨,૭૦૦/-ની સહાય ચૂકવવામાં આવશે. તેમજ સહાયની રકમ ત્રણ હપ્તામાં એટલે કે પ્રથમ હપ્તો ૫૦%, બીજો હપ્તો ૨૫% અને ત્રીજો હપ્તો ૨૫%નો રહેશે. આ યોજના હેઠળ બંધાએલ મકાનની કિંમત રૂ.૧૨,૭૦૦/-કરતાં વધારે થશે તો તે ઉપરનું ખર્ચ લાભાર્થીઓએ ભોગવવાનો રહેશે. પરંતુ જો મકાન બાંધકામની કિંમત રૂ. ૧૨,૭૦૦/-કરતાં ઓછી હશે. તો લાભાર્થીને થયેલ ખરેખર ખર્ચ જેટલી રકમ જ ચુકવવાની રહેશે.

આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ ધ્યાનમાં લઇને વિભાગ તરફથી રૂ. ૬૪૦૦/-સુધીના લાભાર્થીઓને સહાય આપવાનો જે લક્ષ્યાંક ફાળવવામાં આવે તેની મર્યાદામાં જ આ યોજના હેઠળના રૂ. ૬૪૦૦/- અથવા તેથી ઓછી વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

આ યોજના હેઠળ આ ઠરાવની તારીખે અથવા ત્યાર બાદ મકાન સહાયની જે અરજીઓ મંજુર કરવામાં આવે તેને આ સુધારેલ દર મુજબ લાભ આપવાનો રહેશે. એટલે કે આ ઠરાવની તારીખ પહેલાં જે લોકોને એક કે એકથી વધારે હપ્તા ચુકવયેલ હશે તેમને આ ઠરાવ મુજબ સુધારેલ દરે તફાવત ચુકવવાની રહેશે નહિ.

૩. આ યોજનાની અન્ય શરતો યથાવત્ રહેશે.

સને. ૧૯૯૧-૯૨ના અંદાજપત્રમાં પૂરક માગણીથી કરવામાં આવેલ રૂ.૮૬,૦૦૦/-ની નાણાકીય જોગવાઇનું ખર્ચ કરવાની આથી અનુમતિ આપવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ નીચે મુજબ ઉધારવાનો રહેશે.

(૧) અનુસૂચિત જાતિઓ માટે થનાર ખર્ચ, ''માગણી નં.૯૧, ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૨૮૩, આવાસન, બીસીકે-૫૨. અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ ઉધારવો.

(૨) વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે થનાર ખર્ચ ''માગણી ક્રમાંક-૮૮, ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ. આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૨૮૩-આવાસન બીસીકે-૫૨-(૧)અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-આવાસન માટે વ્યક્તિગત ધોરણે નાણાકીય સહાય'' હેઠળ ઉધારવો

(૩) અનુસૂચિત જાતિઓ પૈકી અતિપછાત જેવા કે ભંગી, હેલા, હાડી, નાડિયા, ભંગી હક્કદાર કામદાર(જાજરૂ-કામદાર સહિત), બાવા-હરિજન બાવા, વણકર સાધુ વિગેરે માટે સરકાર શ્રી માંગણી ક્રમાંક:-૯૬-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૭૮૩-આવાસન, મુખ્ય બીસીકે-૫૫, અનુસૂચિત જાતિઓ માટે ખાસ કાર્યક્રમ યોજના-સફાઈ કામદારો ઝાડુવાળા અને ભંગી, હાડી, નાડિયા, અને હેલાને આવાસન માટે નાણાકીય સહાય હેઠળ ઉધારવો."

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીની તા. ૩૧-૩-૧૯૯૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ.ડી. પટેલ
સેક્શન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પી.એ.ઓ. અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ.
સચિવાલયના સર્વે વિભાગો.
વિભાગની બ-શાખા.
સિલેક્ટ ફાઈલ.

પટેલ/